॥ श्री परमात्मने नमः ॥

શ્રી દીનાનાથ-ભજન પુષ્પાવલી.

(ઉપદેશ વિષયક ભજનો.)

રચના કરી પ્રસિદ્ધ કરનાર—

ધર્મપુર નિવાસી—"કીર્તન ભૂષણ" હરિદાસ બુવા,

દીનાનાથ મહારાજ હરિકીર્તનકાર.

મુ. સુરત ઠે. અંબાજીરોડ, શ્રી મહાલક્ષ્મી મંદિર.

સં. ૧૯૭૯] મુલ્ય ૦-૨-૦ [પ્રત ૧૦૦૦

સુરત, ખપાટિયા ચકલા, લક્ષ્મીનારાયણજીની વાડીમાં આવેલા
જૈન વિજય પ્રી. પ્રેસમાં મુળચંદ કિસનદાસ
કાપડિયાએ છાપ્યું.

પ્રેમોદ્ગાર.

આનંદની વાત છે કે, નીચે જણાવેલા ઉદાર સદ્ગૃહસ્થોએ આવા પુસ્તકની ખાસ જરૂર જાણીને માગણી કર્યા વિના, ભજનનું પુસ્તક છપાવવાની વાત કહેતાં સાથેજ આ પુસ્તક છપાવવાના કામમાં ઉત્સાહથી મદદ કરીને શ્રી પરમાત્મા પ્રત્યેનો પોતાના અંતરનો ભક્તિભાવ પ્રકટ કર્યો છે. જેને માટે તેઓને ધન્યવાદ સહ શુભાશીષ છે કે શ્રી પરમાત્મા આવાં સત્ કાર્યોમાં વારંવાર ભાગ લેવા માટે તેઓને ભાગ્યશાળી કરો.

મુગલીસરા—ચીનીપાળાની પોળના—દશા મોઢ ગોકુળ અમદાવાદી વણિક જ્ઞાતિના સ્વર્ગવાસી ધર્મપરાયણ શેઠ ડાહ્યાભાઈ મનોરદાસના પુણ્યાર્થે રા. રા. નગીનદાસ ચુનીલાલ તરફથી રૂ. (૨૫)

તેમનીજ જ્ઞાતિના નાણાવટમાં રહેનાર ધર્મપરાયણ શેઠ છોટાલાલ દયારામ કાપડીયા તરફથી રૂ. (૧૧)

શ્રી બાલાજી આગળ રહેનાર ધર્મપરાયણ શેઠ છગનલાલ ત્રિભોવનદાસ તાર માસ્તર તરફથી રૂ. (૧૫)

એક ગૃહસ્થ તરફથી રૂ. (૫)

જો આવી રીતે દ્રવ્યની મદદ મળતી રહેશે તો અમારી પાસે બીજા પુસ્તકો છપાવવાના તૈયાર છે. તે પણ છપાવી પ્રસિદ્ધ કરીશું.

આ ચોપડીની બે આના કિંમત રાખવામાં આવી છે. તેમાંથી પણ જે દ્રવ્ય એકઠું થશે, તો પુસ્તક-પ્રસિદ્ધિના ઉપયોગમાંજ લેવાનો સંકલ્પ છે.

કર્તા.

॥ श्रीपरमात्मने नमः ॥

श्री दीनानाथ भजन-पुष्पावली.

दिनारायणं विष्णुं ब्रह्माणं च वशिष्ठकम् ।
श्रीरामं मारुतिं वन्दे रामदासं जगद्गुरुम् ॥
वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकीपरमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥
वंशीविभूषितकरान्नवनीरदाभात्
पीतांबरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेंदुसुंदरमुखादरविंदनेत्रात्
कृष्णात्परं किमपि तत्वमहं न जाने ॥

(૧)

શ્રી પરમાત્મા પ્રતિ પ્રાર્થના.

(રાગ ધનાશ્રી.)

ભવ ભય પાર ઉતારો પ્રભુજી ભવ ભય પાર ઉતારો
મોહ માયા મમતાનાં બંધન, વિશ્વેશ્વર વિદારો—પ્રભુજી० ૧
મહાદેવ મધુસૂદન માધવ, જ્ઞાન વિવેક વધારો—પ્રભુજી० ૨
માત તાત જગનાથ તમે છો, આશરો એક તમારો—પ્રભુજી० ૩
આ ભવ દુઃખના દરિયામાંથી, બાંહે ગ્રહીને તારો—પ્રભુજી० ૪
મા'રી કરણીને નવ જોશો, ભલો ભુંડો પણ તારો—પ્રભુજી० ૫
ક્ષમા કરી અપરાધ અમારા, અંતર્યામી ઉગારો—પ્રભુજી० ૬
કાલાવાલા કરી કરગરૂં છું, આ અવતાર સુધારો—પ્રભુજી० ૭
ધરણીધર તારા વિણ મારો, એકે નથી કિનારો—પ્રભુજી० ૮
"**દીનાનાથ**"ના નાથ દયાલુ, મુજને નહિ વિસારો—પ્રભુજી० ૯

(૨)

શ્રી કૃષ્ણ ભગવાનની સ્તુતિ.

(રાગ—કલ્યાણ. તાલ—ચોતાલ.)

શ્રી ગોકુલ નંદનંદ, આનંદકંદ મુકુંદ,
વૃંદાવન વૃંદ ચંદ, હસત છંદ મંદમંદ—શ્રી०

તાલ—તેવરા.

કૃષ્ણચંદ્ર કૃપાલ જય જય કૃષ્ણચંદ્ર કૃપાલ
દીનબંધુ દયાલ જય જય દીનબંધુ દયાલ
સત્યસ્હાયક જગતનાયક સર્વવ્યાપક પ્રણુતપાલક
ભયવિદારક ભક્તિદાયક જ્ઞાનદાયક ગ્વાલબાલક
શ્રીપતિ, સુરપતિ, ગોપતિ, ગોપીપતિ;
પતિતપાવન પ્રભુ દયાલુ રાધિકા પતિ

(તાલ—સુલફાક.)

જય ભગવંતા, કંસ નિહંતા
ભવદુઃખ હર્તા, જગતનિયંતા

(તાલ—ચોતાલ.)

"દીનાનાથ" દલન દ્વંદ્વ—શ્રી ગોકુલ૦

---

(૩)

દયાળુ પરમાત્માની પ્રાર્થના.

(ધનાશ્રી.)

કોણ દયા કરનાર તુજ વિણ કોણ દયા કરનાર
મહાદેવ માધવ મધુસૂદન, સ્મરતાં અઘ હરનાર—તુજ૦ ૧
દુઃખસાગરમાં ડુબતાં સાથે, આવી કર ધરનાર—તુજ૦ ૨

તજીશ નહિ હરિ હું છું તારો, સૃષ્ટિ સરજન હાર—તુજ૦ ૩
ભક્તને તાર્યા અધમ ઉગાર્યા, પતીત નર:ને નાર—તુજ૦ ૪
દીનાનાથ કહે પુરૂષોત્તમ પ્રભુ, તું જ કૃપા કરનાર—તુજ૦ ૫

(૪)

શ્રી જગદીશ ભગવાનની સ્તુતિ.

(રાગ—કલ્યાણ. તાલ—ત્રિતાલ.)

જય જય જગદાત્મા જગદીશ
જયહરિ નરહરિ સુખકરિ દુઃખ હરિ
અનંત ભુવનાધીશ—જય જય૦
નંદકે નંદન કંસનિકંદન, ભવ ભય ભંજન સત્સુખકંદન
વૃંદારક વંદિત વૃજચંદન, અદ્‌ભુત રાસક્રીડા મંડન
ગોપીજન મન મોહન મંજન, રમણપ્રિય પ્રભુ રાધારંજન
ગોવર્ધન ગિરિરાજ ધરણ ,પ્રભુ શ્રી ચરણે મમશીશ-જયજય૦

(૫)

ઉપદેશ.

(લાવણી)

જૂઠી જાળ જંજાળ તજો, સત્સંગ કરો શ્રી હરિ ભજો;
જાશો નહિ વિષયાટવી વાટે, સદ્‌ભક્તિ શણગાર સજો.—૧

ભલા ભલા ભૂલીને ભટકયા, અસંખ્ય જન લાખો કોટી;
વિષય વને વલખાં બહુ માર્યાં, ખરાં થયાં ખોટા ખોટી.—૨
એ વનમાં લૂંટારો મોટો, કામ નામ સુંદર તેનું;
પંચ બાણુથી મોહ પમાડે, પ્રાક્રમ જાણીતું જેનું.—૩
ક્રોધાદિક બલવાન સૈન્યથી, કામ લૂંટારો કરે દંગો;
વનિતા રૂપ વાંસળી વગાડી, પકડે કામી કુરંગો.—૪
ખસો ખસો નહિ ધસો જશો નહિ, ખરે અતિ મમતા ખોટી;
મહામાયાનો ખેલ કળે નહિ, અઘટિત ઘટનાની ઘોંટી.—૫
સત્સંગે મન ધરો ભજન કરો, દેવ રીઝાવો નિજ ભાવે;
દીનાનાથ પ્રભુ પાસે જાતાં, અંતે એ કામે આવે.—૬

(૬)

દુર્જનોનો સંગ દુઃખદાયક છે અને સંતજનોનો સંગ સુખદાયક છે.

("અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશેરે" એ લય.)

સુજ્ઞ જન સંતની સંગત કરો, દુષ્ટથી દૂર દૂર રહી ડરો
દુષ્ટથી દૂર દૂર રહી ડરો, પાપથી મુક્ત થઇને ફરો—સુજ્ઞ૦
દુર્જન-સંગત બહુ બુરી છે, જાતે વિચારી જુઓ
દીપ હાથમાં લઇ કુવામાં, પડી પ્રાણુ કયમ ખુઓ
દુષ્ટ-સંગ પર હરો, દુષ્ટથી દૂર દૂર રહી ડરો—સુજ્ઞ૦

" સંસારમાં સદ્‌ગુણુ તણું સત્સંગ તો શુભ વૃક્ષ છે "
" જેનો શીતળ ને શાંતિદાયક છાંયડો પ્રત્યક્ષ છે "
" સત્સંગથી ભવભીતિનું તો એકદમ અલક્ષ છે "
" સદ્‌જ્ઞાનને સદ્‌બુદ્ધિ અર્પણમાં સુસંગત દક્ષ છે "
"દીનાનાથ" પ્રભુ સમરો, દુષ્ટથી દૂર દૂર રહી ડરો—સુજ્ઞ૦

(૭)

સઘળું દશ્ય માયિક મિથ્યા છે અને એક પરમાત્મ તત્વ સત્ય છે.

(રાહ ઉપરનો.)

અરે શું ફોકટ ફુલી મરે, ખલકનાં ખેલો ખોટાં ખરે
ખલકનાં ખેલો ખોટાં ખરે, શીદને મોહ વશ થઇને મરે—ટેક
પડછાયાને ભૂત માનીને, બાલક જેમ કોઇ ડરે
તેવી રીતે તું દેહાધ્યાસથી, ભુલ પર ભૂલો કરે
એથી અર્થ શો સરે, ખલકનાં ખેલો ખોટાં ખરે—અરે૦ ૧
સ્વપ્ન વિષે રાજા થયાને, આવે ખજાનો પાસ
જાગી જોતાં નક્કી થાય છે, નીજ હર્ષનો નાશ
એવા સુખમાં શું ઠરે, ખલકનાં ખેલો ખોટા ખરે—અરે૦ ૨
" છાયા પરે કરીએ પ્રહારો પણ ન તે છેદાય છે "

" પાત્ર ઉંધું નાંખતાં પ્રતિબિંબ નહિ દેખાય છે"
" પણ તેથી શું એમ માનવું કે નાશ સૂર્યનો થાય છે ?"
" આ દૃશ્ય સૌ માયિક છે ને વૃથા ભ્રમે ભટકાય છે "
કહો "દીનાનાથ" હરે હરે, ખલકનાં ખેલો ખોટાં ખરે-અરે૦ ૩

(૮)

પ્રાર્થના

(રાગ ધનાશ્રી.)

કોઇ નથી પ્રભુ મારો, તમ વિણુ કોઇ નથી પ્રભુ મારો
કૃપાસિંધુ સેવક સુખદાયક, મમ ઉર વાસ તમારો-તમવિણુ૦ ૧
માત તાત ને ભ્રાત આપ છો, હરિજનનો એ ધારો-તમવિણુ૦ ૨
કામ ક્રોધ મદ લોભ સતાવે, નિત નિત ચલવે મારો-તમવિણુ૦ ૩
અતિ પ્રબલ એ દુષ્ટ અહિથી, કોણ કરે મુને ન્યારો-તમવિણુ૦ ૪
'દીનાનાથ' પ્રભુ વિનતી કરી કહું, શરણાગતને તારો-તમવિણુ૦ ૫

(૯)

કરેલાં કર્મ ભોગવવાંજ પડે છે.

(લાવણી.)

ર્ક્યાં કર્મ નહિ મટે, કદાપિ ર્ક્યાં કર્મ નહિ મટે
તે કેમ હટાળ્યાં હટે, કદાપિ ર્ક્યાં કર્મ નહિ મટે—૧

જેવી કરણી તેવાં ફળ, ત્યાં અણુ માત્ર નવ ઘટે
સુખ દુઃખ ભોગવવાને માટે, શરીર મેળવ્યું પટે—૨
બાવળના બી વાવે બાવળ, ઉગે તે કેમ ફટે
દીનાનાથ પ્રભુ કૃપા થાય, જો રામ નામ નિત રટે—૩

(૧૦)

પ્રાર્થના.

("ઉઠ પ્રભાત સમર લે" એ લય.)

નંદલાલ વૃજપબાલ, મારી સુધ લીજો
ગોકુલેશ મથુરાધિપ, પ્રભુ કૃષ્ણજીજો—ટેક.
દીનબંધુ કૃપાસિંધુ, પ્રભુ કૃપા કીજો
મોહ જાળમાં હું ફસ્યો, ગોવિંદ બાંહે દીજો—નંદલાલ૦ ૧
પાતકી પતીત હીન, દીન હું અતીજો
સાચી વાત કહી દઉં છું, ભલે આપ ખીજો—નંદલાલ૦ ૨
મૂઢમતિ કહું શું અતિ, રાધાનાથ રીઝો
દીનાનાથ દયા કરી, દર્શ હરિ દીજો—નંદલાલ૦ ૩

(૧૧)

સાચા પ્રેમી ભક્તોના અંતરના ઉદ્‌ગાર.

(રાગ ધનાશ્રી.)

અમે તો રામદાસના દાસ, અમે તો હરિદાસના દાસ
પરમાત્માના પવિત્ર ભક્તો, તેના સેવક ખાસ—અમે૦ ૧
સંત જનો જયાં ભજન કરે ત્યાં, બેસી જઇએ પાસ—અમે૦ ૨
કૃષ્ણ ભક્ત જોતાંજ થાય મન, અતિ હર્ષ હુલ્લાસ—અમે૦ ૩
સત્પુરૂષોની સેવા કરીએ, રાખીએ નવ કચ્ચાસ—અમે૦ ૪
હરીયે નહિ પડીયે નહિ પાછા, થઇએ નવ નિરાશ—અમે૦ ૫
સંત–સંગ કરવાથી થાયે, અંતર જ્ઞાન પ્રકાશ—અમે૦ ૬
ભક્ત–મંડલીને નોતરીએ, કરીએ પુનિત નિવાસ—અમે૦ ૭
પ્રભુ–ભજનમાં ગાંડા થઇએ, એવો અમ અભ્યાસ—અમે૦ ૮
અમે માગતા નથી કદીએ, સ્વર્ગવાસ–વિલાસ—અમે૦ ૯
દીનાનાથ પ્રભુ એજ માગીએ, જન્મો જન્મ તમ દાસ–અમે૦ ૧૦

(૧૨)

આત્મજ્ઞાનનો ઉપદેશ.

(આગેસરી.)

મહા મોહ છે ભારી, મિથ્યા મહા મોહ છે ભારી
ચિત્ર વિચીત્ર છે માયા રચના, ભાસે ન્યારી ન્યારી
અંતર આત્માદેવ એક છે, શ્રુતિ કહે પોકારી–મિથ્યા૦–૧

કોઇને કહીએ પુત્ર પુત્રી ને, કોઇને કહીએ નારી
ચર્મ દૃષ્ટિથી જોવા લાગ્યા, આત્મા દૃષ્ટિ વિસારી–મિથ્યા૦–૨
જે શરીરથી સગપણુ જગમાં, તે તો મહા વિકારી
દીનાનાથ બ્રહ્માત્મતત્ત્વને, લ્યો ઓળખી વિચારી–મિથ્યા૦–૩

(૧૩)

શ્રી કૃષ્ણુ ભગવાનની સ્તુતિ.

(બાગેસરી કાનરો. ત્રિતાલ)

શ્યામ સુંદર શ્રી કૃષ્ણુચંદ્ર વૃજચંદ નંદ શ્રી ગિરિધારિ
મોહન મનહર શ્રી મુરલીધર મુકુંદ માધવ મુરારી–શ્યામ૦
ઘનશ્યામ રામ ગોપીજન વલ્લભ ગોકુલમેં પ્રભુ ગૌચારી
દ્વારિકાધીશ રૂક્મિણી સતિ પતિ ગતિ ગહન અતિ હૈ ભારી
–શ્યામ૦
જય ગોપાલ શ્રી નંદલાલ પ્રભુ ગ્વાલ બાલકી બલિહારી
દીનાનાથ કે નાથ દયાધન શરન અહો ભવ ભય ટારી–શ્યામ૦

(૧૪)

વૃદ્ધ જનોને બોધ

("ધીમા ધીમા ચાલોને મારા પ્રાણુરે" એ લય.)

દિન વીતિ ગયો રહિ રાતરે
છતાં વશ થઈ પ્રમાદ, કેમ બેસી રહ્યો ભ્રાત
મન રાખીને નિરાંત, કહે વાતરે—દિન૦

સાખી.

બાલપણું રમતે ગયું, ગયું જુવાની જોર;
વૃદ્ધ અવસ્થા આવી છે, તો પણ તજ્યો ન તોર.
"મુરખ મમતા ને મોહમાં શાને મુએ"
"હીરો હાથે ચઢેલો શાને ખુએ"
"સત્સંગ ગંગ નીર મૂકી ન્હાય ક્યમ કુવે"
"એમ જાણ્યું પ્રભાત થશે શાને સુએ"
દીનાનાથરે—દિન૦

(૧૫)

પ્રભુનું નામ સ્મરણ કરવાનો ઉપદેશ.

(રાહ-ઉપરનો)

મના મુખથી શ્રી કૃષ્ણ કૃષ્ણ ભાખરે
બીજી મિથ્યા લવારી શાને કરે
બોલ હરે રામ હરે-સ્વાદ ચાખરે—મના૦
"ષડ્રસ ભોજનને તજી, પ્રભુનામ સુધારસ પી;"
"શબ્દ સ્પર્શરૂપ ગંધરસ, વિષય વિષ સ્હમજી."
મીઠડું છે હરિનામ કેવું પ્યારૂં
સુત દારા ને વિત્ત કોઇ નથી તારૂં
દીનાનાથ કહે કૃષ્ણ નામ સૌથી સારૂં
ભાન રાખરે-મના મુખથી શ્રી કૃષ્ણ કૃષ્ણ ભાખરે૦—

(૧૬)

શ્રી પરમાત્માની સ્તુતિ.

("ઉમાકે કંથ મતવાલા." એ ઢાળ.)

શ્રી સચ્ચીદાનંદ જય સ્વામિ, બહુનામી અંતરયામી
સ્વરૂપાનંદ અખંડાનંદ, બ્રહ્માનંદ પૂર્ણાનંદ
નમન કરીએ મસ્તક નામી, બહુ નામી અંતર્યામી—શ્રી૦ ૧
સર્વ વ્યાપક શ્રી સર્વાત્મક, અમે બાલક તમે પાલક
શ્રી અજરામર અસંગ સ્વામિ, બહુ નામી અંતર્યામી—શ્રી૦ ૨
શાંતિદાતા જગત્ કર્તા, જગત્ ભર્તા જગદ્ધર્તા
સર્વગત સર્વના સ્વામી, બહુ નામી અંતર્યામી—શ્રી૦ ૩
તુંહિ રાવણ તુંહિ સીતા, તુંહિ અર્જુન તુંહિ ગીતા
ગતિ પ્રભુ પાર નહી પામી, બહુનામી અંતર્યામી—શ્રી૦ ૪
જગત્ ત્રાતા અભયદાતા, પિતા માતા સકલ જ્ઞાતા
જય **દીનાનાથ** જય સ્વામિ, બહુનામી અંતર્યામી—શ્રી૦ ૫

(૧૭)

સુખ દુઃખને સહન કરી ભજન કરવું.

(રાગ-સોહિની દાદરો)

જે જે દુઃખ આવી પડે, તે તે દુઃખ સહીએ
વનમાં વાઘ ઘરમાં રાગ, નિર્ભય કયાં રહીએ—ટેક.

રાજા રંક સાધુ સંત, સૌ કો દુખી જોઇએ
ક્યાં કર્મ ભોગવવાનાં, છોડીને ક્યાં જઇએ—જે જે૦ ૧
લેણું લેવું દેણું દેવું, એમાં કોને કહીએ
વાવ્યું તેવું લણવું એમાં, દોષ કોને દઇએ—જે જે૦ ૨
કર્તા ભર્તા હર્તા પ્રભુ, ગોવિંદના ગુણ ગાઇએ
દીનાનાથ ભજન વડે, નિર્ભય થઇ રહીએ—જે જે૦ ૩

(૧૮)

પ્રભુનું ભજન કર્યા વિના મનુષ્યનો જન્મ વૃથા જાય છે.

(રાગ ધનાશ્રી)

શા માટે તને ઘડયો પ્રભુએ શા માટે તને ઘડયો
સદાચાર સત્સંગ ભજન કરી, તરવા ભવ દુઃખ ભર્યો—પ્રભુએ૦ ૧
સર્વ શ્રેષ્ઠ આ દેહ મનુષનો, મહા મે'નતથી જડયો—પ્રભુએ૦ ૨
ભજન વિના શિદ નિજ માતાને, પેટે પથ્થર પડયો—પ્રભુએ૦ ૩
હરિ ભજન વિણ ભૂમિ માતને, મહા ભારરૂપ નડયો—પ્રભુએ૦ ૪
ગફલતમાં શાને ગુમાવે, હીરો જે હાથે ચડયો—પ્રભુએ૦ ૫
જાગ્રત થઇને જોને જીવડા, અવસર આવી અડયો—પ્રભુએ૦ ૬
દીનાનાથ કહે ભજન વિના તેં, જન્મ ધર્યો ના ધર્યો—પ્રભુએ૦ ૭

(૧૯)

સદ્‌ગુરૂને શરણે જઇ ભક્તિ અને શ્રદ્ધા પૂર્વક પરમાત્મ તત્વ જાણીએ નહી તો કોરી પંડિતાઇ કેવળ ભાર રૂપ છે.

(લાવણી)

શું પોથીની પોક મુકો છો આત્મ સ્વરૂપ ન જાણ્યું રે
ભગત બનીને જગને ઠગવા, લાંબુ તીલક તાણ્યું રે
પેટને માટે જૂઠું જુગતું, સૌએ પોતાનું વખાણ્યું રે—શું૦ ૧
શાસ્ત્ર અને સદ્‌ગુરૂ વિમુખ થઇ, મોજ મઝા મન માણ્યું રે
પૂજા પાઠ ભજન જપ તપ સઉ, પૈસા માટે પાળ્યું રે—શું૦ ૨
મહા પંડિતનો ડોળ જાણે કાંઇ, અમથી નથી અજાણ્યું રે
હાડ ચામની હંતા મમતા, ચાંડાળ કર્મ પ્રમાણ્યું રે—શું૦ ૩
ધન્ય છે જેણે ગુરૂ શરણું જઇ, બ્રહ્મતત્વને જાણ્યું રે
દીનાનાથ કહે ધન્ય જીવન જેણે, આત્મ સ્વરૂપ પીછાણ્યું રે
શું૦ ૪

---

(૨૦)

સત્કર્મ સિવાય કોઇ આપણું નથી.

(લાવણી.)

મારૂં મારૂં કરે શાને રે, માગી લીધું છે ખોળીઉં ભાડે
કાચી માટીના કુંભ સમાણી, કાચી છે આ કાયા

અરે મુરખ એ કાયાની તને, મિથ્યા મમતા માયા—મારૂં૦ ૧
માંદો પડશે મરણપથારી, સૌ કોઇ આવે ત્યારે
માલમતા મિલ્કતને પૂછી, ભાઇ ભાઈ કહે જ્યારે—મારૂં૦ ૨
ભાડું પુરૂં થતાં તુરત તે, છોડવી પડે તે વારે
કાઢો કાઢો કહેતાં જલદી, ઘરની બાહેર કાઢે—મારૂં૦ ૩
ગૃહ ધન ધામ ધરા સ્ત્રી સુતમિત, તું તારૂં સૌ ધારે
સાચે સાચું કહું છું ભાઈ, તારૂં નથી તલ ભારે—મારૂં૦ ૪
દાન પુણ્ય સત્સંગ ભજન કરી, પ્રભુનું નામ ઉચારે
દીનાનાથ કહે તે તારૂં થઈ, અંતે ધાસે વારે—મારૂં૦ ૫

(૨૧)

ભજનનો ઉપદેશ

(ઝીંઝોટી)

રામ ભજો ગોપાલ ભજોરે, ભજો શ્રી માધવ ભજો મુરારી
કૃષ્ણ ભજો કિરતાર ભજોરે, ભજો શ્રી ગોવર્ધન ગિરિધારી—૧
ભજો મન મોહન મુરલીધારી, કૃષ્ણ કનૈયા પ્રભુ કંસારી—૨
"દીનાનાથ" કહે ભાવે ભજો ભાઇ, પૂર્ણ બ્રહ્મ શ્રીહરિ સુખકારી—૩

(૨૨)

પ્રભુનું ભજન કરવામાં કદી કોઇથી ડરવું નહિ.

(ઝીંઝોટી)

ભક્ત થઈ આનંદે ફરવું, શા માટે દુનીયાથી ડરવું
દુર્જન દુષ્ઠ વચન બહુ બોલે, પણ તેમાં મન લેશ ન ધરવું—૧
સૌ સંગે હળી મળી વિચરવું, અંતે આખર સૌને મરવું—૨
"દીનાનાથ" કહે ભવ તરવાને, ભક્ત થઇને ભજનજ કરવું—૩

(૨૩)

મારૂં મારૂં માનનારને બોધ.

(લાવણી.)

મારૂં મારૂં કરે છે કેમ રે, શું છે કહી દે તું તારૂં
કોનાં માતપિતા સુતદારા, કોણુ નિત્ય ટકનારૂં
ધામ ધરા ધનનાં શાં લેખાં, શરીર પણુ પડનારૂં-મારૂં૦ ૧
મમતા રૂપ વિષવલ્લી ખાઇ, મરે મુરખ શા સારૂં
વિષ ખાધું ને ઝેર ચંઢયું હવે, કેમ બચે જોઉં વારૂ-મારૂં૦ ૨

મતલબ માટે મળ્યું ગુંચવણું, કેમ લાગે ન અકારૂં
નિશદિન વગડે નાદ ગડગડે, કાલ કરાલ નગારૂં—મારૂં૦ ૬
મારાં મારાં કરી મરે પણ, કોઇ નથી ભાઈ તારૂં
તારૂં તો તુજ સંગે આવે, પણ અંતે સૌ ન્યારૂં—મારૂં૦ ૪
કુટુંબ કબિલા પરિવારના, લોકો બધા ઉતારૂ
ગરજ સરી કે વહેલું મોડું, સહુ કોઇ જામારૂં—મારૂં૦ ૫
આ શુભ સાધન નરતન પામી, કરી લે સાર્થક સારૂં
દીનાનાથ કહે ગુમાવ નહિ આ, ભવ તરવાનું બારૂં—મારૂં૦ ૬

(૨૪)

જીભને શીખામણ.

(રાગ—પીલુ તાલ દીપચંદી. "ઇસતન ધનકી કૌન બડાઇ" એ રાહ)

રામ રામ રટ રસના તોતી, રામ રામ રટ રસના તોતો
હું તું તેનો ભેદ મુકી દે, પઢતાં સુક પુસ્તક ને પોથી—રામ૦
અમૂલ્ય અવસર રામ ભજનનો, આવ્યો છે તેને નહિ ખોતી
—રામ૦
દીનાનાથ કહે કુથલી કરીને, વૃથા પાપ તું કદી નવ ધોતી
—રામ૦

(૨૫)

પરમાત્માના ભજનનો ઉપદેશ.

("નામ જપીશ નિત્ય તારૂં, સુંદર શામળીયા." એ લય.)

તન ધન છે નહિ તારૂં, શાણા સમજી લે
ભવ નીર છે બહુ ખારૂં, મનથી માની લે—ટેક.
આ મન સુતને ચિન્તા ચહે છે, મોહ મદિરામાં મસ્ત રહે છે,
અનેક ખોટાં સંકટ સહે છે, (છતાં) પ્રેમથી વાત કહે છે,
(પણ) કોઇ નથી ભાઈ તારૂં, શાણા સમજી લે—તન૦ ૧
ફક્કડ થઇને નિત્ય ફરે છે, કાળાં કૃત્ય અનેક કરે છે,
પાપ કરીને પેટ ભરે છે, છતાં અંતરે ગર્વ ધરે છે,
એ સઘળું અંધારૂં, શાણા સમજી લે—તન૦ ૨
દીનાનાથ તજી જૂઠી યારી, મનથી મઠીજાને સંભારી,
ભાવે ભજ મહાદેવ મુરારી, ભજનામૃતની લ્હેજત ભારી,
બીજું નથી કોઈ ખારૂં, શાણા સમજી લે—તન૦ ૩

---

(૨૬)

અંગ્રેજી ભણીને અધર્મ કરનારાઓનું ધર્મ-જ્ઞાન.

(" ઉમા કે કંથ મતવાલા " એ લય.)

ધર્મનું જ્ઞાન ગણવામાં, રહ્યું અંગ્રેજી ભણવામાં
શિખા નહિ રાખતાં માથે; બીરાજે સાહેબો સાથે
બધાનું ખાઇ લેવામાં, હોટલની ચાહ પીવામાં—૧

પ્રભુ પૂજન ભજન કેવું, ન્હાવાનું નામ નહિ લેવું
છેલીઆ થઈ ભટકવામાં, દંભ ને ઢોળ કરવામાં—૨
બોલતાં જેમ વેદાંતી, હૃદયમાં લેશ નહિ શાંતી
પાપથી પેટ ભરવામાં, ઘણો ગુમાન ધરવામાં—૩
ગમે પરદેશની રીતો, ભૂલે બહુ ભીતની ભીતો
બૂટ પાટલૂન સજવામાં, સ્વજનનાં દોષ જોવામાં—૪
રૂચે નહિ પ્હેરવી ખાદી, ગમે નહિ બેસવા ગાદી
ગુલામી કામ કરવામાં, મહા ઇલ્કાબ મળવામાં—૫
જ્ઞાતિભોજન નથી ગમતાં, ક્લબો ને પાર્ટીમાં જમતાં
મહા મોટા મનાવામાં, ખીસાં તાળાંઓ કરવામાં—૬

(૨૭)

પોતાના મકાનમાં આગ લાગે તો, તે જાણીને કોણ સુખે સુઈ રહે !!

(ભજન)

મૂર્ખ જન શું ઉંઘો છોરે, જુઓને આગ ભભુકો લાગ્યો
અજ્ઞાન રાતે મોહરૂપ નિદ્રા સહ લાગી જ્યાં લગની;
તેવે યોગમથી સળગી ઉઠયો, ત્રિવિધ-તાપનો અગ્નિ—મૂર્ખ૦

આગ ભભુકે લાગી ભાઇઓ, ઝટપટ ઉંઘને ત્યાગો;
અંદર જે કાંઈ હોય તમારૂં, તે લઇ લઇને ભાગો—મૂર્ખ૦
સંસાર રૂપી બંગલો તેમાં, દવ લાગ્યો છે મોટો
ચેત પ્રાણીયા તું તો તારાં, લઇ લે દોરી લોટો—મૂર્ખ૦
ચેત્યા નહિ પણ હજુ ચેતીએ, ઉઠો નહિ તો ખોશો
દીનાનાથ પછી જાગી મોટી, પોક મૂકીને રોશો—મૂર્ખ૦

(૨૮)

ભગવાનની સ્તુતિ.

(સોરઠ.)

શ્રીહરિ ગોકુલપતિ ગોવર્ધન ગિરિવર ધારણારે
સુદામાને કાંચનપુર આપ્યું, ધર્મઘેર ઉચ્છિષ્ટ ઉઠાવ્યું
ધ્રુવ અંબરીષ પ્રલ્હાદ ભક્તજન પાલનારે—શ્રીહરિ૦ ૧
કાર્ય કીધાં નરસિંહ મ્હેતાનાં, દ્રૌપદીનાં ચીર પૂર્યાં છાનાં;
દાનવ-મર્દન સજ્જન વેદોદ્ધારણારે—શ્રીહરિ૦ ૨
કંસધ્વંસક યાદવ રાયા, ગોપીવલ્લભ અદ્ભુત માયા;
દીનાનાથ ભાવે વંદું ભવ તારણા રે—શ્રીહરિ૦ ૩

(૨૯)

ઘડપણમાં દાંભિક ભક્તિ કરનારને બોધ.

(લાવણી.)

મરણ પથારી પડયો મૂરખ તવ કરમાં માળા ઝાલીરે
કાળાં કૃત્ય અનેક કરીને, આખી જીંદગી ગાળીરે—૧
ન્હાનપણે ઘર ધંધો કીધો, વૃદ્ધપણે વિરાગીરે
કુવો ખોદવો શરૂ કર્યો, જવ આગ ચોગરદમ લાગીરે—૨
પથ્થરની નૌકામાં બેઠો, સમુદ્ર પાર જવાનેરે
મોક્ષને ઈચ્છે એરણ ચોરી, આપી સોઈના દાનેરે—૩
દાંભિક ભક્તિ કરવા લાગ્યો, મનમેલું કપડા ભગવા
બોર દઈ કલ્લી કાઢે ત્યમ, તું બેઠો પ્રભુને ઠગવા—૪
મૂકી માયા હરિગુણ ગાયા, તેજ કમાયા સાચો માલ
દીનાનાથ કહે નિર્મળ મનથી, ભજ ભાવે ગોવિંદ ગોપાલ—૫

(૩૦)

રામ નામના ભજનનો ઉપદેશ.

(રાગ ઝીંઝોટી)

રામ રામ ભજ રામ રામ ભજ, રામ રામ ભજ રામ સીતા
રામ વેદ છે રામ શાસ્ત્ર છે, રામ પુરાણો રામ ગીતા—રામ૦
રામ મિત્ર છે રામ બંધુ છે, રામ નામ છે માત પિતા—રામ૦
દીનાનાથ ભજો રામ રામ, શ્રી પૂર્ણ બ્રહ્મ ત્રિગુણાતીતા—રામ૦

(૩૧)

ઉંઘ ત્યાગને જલદી જાગ જીવ, રામ પ્રભુનું નામ લેવા
રામ એટલાં બે વર્ણોથી, મળશે મીઠાં ફળ મેવા—
રામ કાશી છે રામ મથુરા, રામ ગયાજીના જેવા—
દીનાનાથ ભજો રામ રામ તમે, એજ પાઠને એજ સેવા—

(૩૨)

રામ ગોમતી રામ ગંડકી, રામ નામ ગંગા રેવા
સર્વ તીર્થ છે રામ નામમાં, રામ રામ સમરી લેવા—
રામ શીવને રામ બ્રહ્મા છે, રામ પ્રભુ છે કૃષ્ણુ જેવા—
દીનાનાથ ભજો રામ રામ તમે, ત્રિવિધ તાપ ટાળે એવા—

---

(૩૩)

કલિયુગ દોષનો ભંડાર છે પણ જો પ્રભુ-ભજન થાય તો મોક્ષ મળી જાય છે.

(લાવણી)

કેવો કેર કર્યો કલિયુગે કકડતો કેર કર્યો કલિયુગે
સૌ ઉંઘ્યા છે ઉંઘે કકડતો કેર કર્યો કલિયુગે—ટેક.
પવિત્રતા ને જપ તપ સઘળાં, જાણે ગયા સંતાઈ
દયા દાનને સત્ય બોલવું, લેશ રહ્યું નહિ ભાઈ—કેવો૦ ૧

સઘળા જીવો તુચ્છ આળસુ, પેટભરા થઇ બેઠા
ઢોંગ-ધોંગ ને પ્રપંચ પાખંડ, પૂરેપૂરાં પેઠા—કેવો૦ ૨
મંદ ભાગ્યનાં મંદ બુદ્ધિથી, મદાંધ થઇને ફરતાં
પેટને માટે પાપ કર્મ કરતાં, કદી કો નવ ડરતાં—કેવો૦ ૩
પ્રત્યેક પ્રાણી રોગી વ્યસની, કોઇ નવ દીસે સાજું
જ્યાં જોઇએ ત્યાં કજીયો કલેશને, જગ સૌ દુખીયું ઝાઝું-કેવો૦ ૪
કોઇને બીડી કોઇ અફીણી, કોઇ તંબાકુ ફાકે
કોઈ ભંગેરી કોઇ ગંજેરી, દારૂડીયા નહિ થાકે—કેવો૦ ૫
સાધુઓ પાખંડી પૂરા, ત્યાગી થયા ઘરબારી
વિપ્રો સંધ્યા કર્મ ન કરતાં, નોકરી કરે સરકારી—કેવો૦ ૬
કન્યા વિક્રય વધવા લાગ્યો, ધણી ધણીઆણી લડતાં
ખાસ સ્વાર્થનાં મિત્ર થાય છે, ભાઈ પરસ્પર વઢતાં—કેવો૦ ૭
રાંધ્યાં અન્ન વેચાવા લાગ્યા, વિપ્ર વેદ વેચે છે
સત્ય બોધ કોઇ માને નહિ, સૌ પોતાનું ખેંચે છે—કેવો૦ ૮
સ્ત્રીઓએ મર્યાદા મૂકી, વિચિત્ર વસ્ત્રો પહેરી
બુટ સ્ટોકીંગ ને છત્રી ઓઢી, ભટકે શેરી શેરી—કેવો૦ ૯
પ્રાતઃકાળમાં ઉઠતાં સાથે, ચાહનો વળગ્યો ચાળો
છતી આંખે અંધાપો આણી, ચશ્મે ઘબ ચટકાળો—કેવો૦ ૧૦
ચરણની ઉપર ચરણ ચઢાવી, બેસી ગપ્પાં મારે
સ્વામિ જ્યારે સવ્ય કહે, અપસવ્ય કરે તે વારે—કેવો૦ ૧૧
ભણવું ગણવું સ્વામિ સેવા, પુત્રને શિક્ષણ દેવું
પ્રાપ્ત પતિ પરમેશ્વર માની, ગમતું નથી ઘર રે'વું—કેવો૦ ૧૨

જ્યારે કોઇ મળવા આવે, ત્યારે સ્ત્રી વાતે વળગે
મૂર્ખ પતિ મન આનંદ પામે, પણ છેવટ ઘર સળગે—કેવો૦ ૧૩
ક્ષત્રિયે હથીયાર તજ્યાં ને, બ્રાહ્મણ કરે ગુલામી
પૃથ્વિના પ્રત્યક્ષ દેવ તે, ઘર ઘર ભરે સલામી—કેવો૦ ૧૪
ધર્મ ગુરૂઓ ધર્મ ઘતીંગે, માંડી દુકાનદારી
શિષ્ય તાપ હરવાને બદલે, થઇ બેઠા ધનહારી—કેવો૦ ૧૫
સાધુઓને કષ્ટ પડે છે, ઢોંગી મોજ કરે છે
જગને ઠગવા બગલા ભગતો, બક સમ ધ્યાન ધરે છે—કેવો૦ ૧૬
દોષ તણો ભંડાર કલિ પણ, ગુણ મોટો કલિકેરો
દીનાનાથ પ્રભુ ભજન વડે મટે, જન્મ મરણનો ફેરો—કેવો૦ ૧૭

(૩૪)

સંસારથી ઉપરામ પામેલા જીવાત્માના વિરાગોદ્ગાર

(એક તારાના ભજનનો ઢાળ.)

મરવું છે નિરધાર જીવડલા મરવું છે નિરધાર
શાને માટે કાળું ધોળું કરે તને મારશે જમડાં માર
સચ્ચિદાનંદને ભજ બીજી ખટપટ બધી તજ—મરવું૦ ૧

* * * *

અરે મોહ પામેલા માનવીરે, જરી જોને અભાગી જાગી
રક્ત માંસ મજ્જાવાળી, કાયાની માયા શું લાગી
નથી કોઇ તારૂં ભાઇ, જૂઠી જગની સગાઇ–મરવું૦ ૨

* * * *

અરે મોત નથી મુકનાર, મદોન્મત્ત મોત નથી મુકનાર
કંઇ ગયા ને તું પણ જાશે, જાતે વિચાર લગાર
દાઝે છે દીલડું મારૂં, અંતે થાશે શું તારૂં–મરવું૦ ૩

* * * *

અરે કાળતણા કોળીઆરે, તારી બુદ્ધિ કોણે લૂંટી
જોતજોતામાં મોત થશે, જાણે માટીની મટુકી ફુટી
માટે મૂકી દે મમત, તજી દે રમત ગમત–મરવું૦ ૪

* * * *

અરે વિષયતણા લોભીયારે, અલ્યા કર્મટ જેવા કામી
જમ જવાબ માગશે ત્યારે, કે'શે તું શું હરામી
દીનાનાથ ત્યાં નહિ ફાવે, ભલામણ કોની લાવે–મરવું૦ ૫

(૩૫)

જૂઠી દુનિયા.

("શું કહું કથની મારી" એ રાહ.)

જૂઠી દુનીયાદારી આ.......જૂઠી દુનીયાદારી
ગૃહ ધન સુતને નારી આ....જૂઠી દુનીયાદારી—જૂઠી
પોતાની મતલબને માટે, પ્રિય વચન વદનારી
દુનીયા સઘળી મતલબ માટે, હસનારી રડનારી—આ...૧
સ્વપ્ન વિષે જ્યમ ભૂમંડલની, મળી ગઈ અખત્યારી
જાગ્રત થાતાં મિથ્યા જેવી, જૂઠી દુનીયાદારી—આ....૨
વૃક્ષ—ઠુંઠાને ભૂત માનીને, બીએ બાલક અવિચારી
(તેમ) જૂઠી માયા જૂઠી કાયા, જૂઠી મારી તારી—આ...૩
"**દીનાનાથ**" આ ત્રિગુણી માયા, જૂઠી મનથી ધારી
ગોવર્ધન ગિરિવરધર નટવર, ભાવે ભજો મુરારી—આ....૪

(૩૬)

જાગવાની જગા પર ઉંઘવું નહિ.

(એક તારાના ભજનનો ઢાળ.)

જાગ ભાઈ તું જાગ મુસાફર સુઈ રહ્યો શા માટે રે
જાગ ભાઈ તું જાગ!!!

આ વૃક્ષોની છાયા સ્થીર નથી, નથી સ્થીર તું પોતે રે
ભાન ભુલ્યો જોઈ જાગ !!!—જાગ૦

જૂઠું છે આ વૃક્ષને, જૂઠાં ફળ ફુલ પાન;
જૂઠો છે આ સાથરો, જૂઠી નિદ્રા જાણુ.

માટે ઢંઢોળીને જગાડું, આળસ મરડી ઉઠ રે ભાઇ કેમ કરે છે
રાગ

જાગ્યો તો તો જીત્યો સમજજે, નહિ તો જમડાં દેશે ડાંગ
જાગ ભાઇ તું જાગ !!!—જાગ૦

તૃષ્ણા રૂપ રજ્જુ વડે, બંધાયો તું છે;
પીઇને મોહરૂપી સુરા, બેભાન બન્યો તું છે.

આંખ ઉઘાડી જોને ભાઇ, પાછળ પેલા ચોરો રે* તેથી બચીને ભાગ
દીનાનાથ કહે વિલંબ નહિ કર, ઝટપટ તારે રસ્તે લાગ
જાગ ભાઇ તું જાગ !!!—જાગ૦

---

* કામ, ક્રોધ લોભ વિગેરે.

(૩૭)

આર્તપણામાં અતિ દીનતાથી પ્રેમ પૂર્વક પ્રભુ-પ્રાર્થના.

(રાસ-પરજ તાલ—ત્રિતાલ)

શ્રી નાથજી મુજને તારોરે
હું જેવો તેવો તમારોરે—શ્રી૦ ટેક
દીનદયાળુ દામોદર હરિ, મારી અરજ સ્વીકારોરે—શ્રી૦ ૧
મારા જેવા સેવક તમને, લાખો અને હજારોરે—શ્રી૦ ૨
પણ મારે તો એક તમે છો, કરશો નહિ નકારોરે—શ્રી૦ ૩
સર્વ સંકટો પડયાં સામટાં, હસ્ત ગ્રહી ઉગારોરે—શ્રી૦ ૪
કરો કસોટી ગમે તેમ હરિ, હું છું ભક્ત તમારોરે—શ્રી૦ ૫
મને ભરોસો એક તમારો, વહાલા કેમ વીસારોરે—શ્રી૦ ૬
ભવસાગર ભટકી ભટકી કંઇ, સાર ન જોયો સારોરે—શ્રી૦ ૭
હવે મુને કંઇ ચેન નથી પ્રભુ, જગ લાગે છે ખારોરે—શ્રી૦ ૮
ઘણો ઘણો ગભરાઇ ગયો છું, કયારે આવશે આરોરે—શ્રી૦ ૯
તમ વિણ કોઈ નથી પ્રભુ મારૂં, આપો આપ પધારોરે—શ્રી૦ ૧૦
વ્હાલાજી જો વાર કરો તો, રખડું હું બીચારોરે—શ્રી૦ ૧૧
દીનાનાથ પ્રભુ અંતર્યામી, સફળ કરો જન્મારોરે—શ્રી૦ ૧૨

(૩૮)

ભજનનો બોધ.

("ભક્તિ નૌકામાં બેસાને ભાઇ ભવતરીએ" એ લય.)

સૌ જણ સ્વપ્ના સમ સમજીને ભાઈ રામ ભજીએ
રામ ભજીએ ભાઇ રામ ભજીએ—સૌ૦
મતલબના બ્હેન બાઈ, માત ને તાત ભાઇ
અટપટ વાળી ખટપટ ઝટ બધી તજીએ—સૌ૦ ૧
ઝાકળ જળ જેમ સુકાયે, ત્યમ આ કાયા કરમાયે
ધન તન જોબન સૌ જુઠાં માની લીજીએ—સૌ૦ ૧
વિદ્યુત્ ચમકારાં જેવાં, સઘળાં વૈભવ છે તેવાં
દુઃખાબ્ધિમાંહે ડુબકાં, શાને દીજીએ—સૌ૦ ૩
સુખરૂપ સાચા શ્રી રામા, દુઃખરૂપ છે અન્ય નકામા
દીનાનાથ પરમાત્માની ભક્તિ, સજીએ સૌ૦ ૪

---

(૩૯)

મનને ઠપકો.

(લાવણી)

ભ્રમમાં શીદ ભટકાવે મનવા ભ્રમમાં શીદ ભટકાવે
પથ્થરથી શીર પટકાવે મનવા ભ્રમમાં શીદ ભટકાવે—ટેક

વારંવાર અવસર નહિ આવે આળસમાં અકળાવે
જળ તરંગ સમ ક્ષણિક આયુષ, શાને વૃથા ગુમાવે—મનવા૦ ૧
આત્મસ્વરૂપનું ભાન ભુલાવી, દેહાભિમાન કરાવે
પારસમણિ પડલો મૂકાવી, ખોટો કાચ અપાવે—મનવા૦ ૨
આકાશ-કુસુમની આશ કરાવી, આમ તેમ અથડાવે
પણ મન મૂરખ સત્ય માનજે, એમ કદી નહી ફાવે—મનવા૦ ૩
મલિન દેહની મલિન વસ્તુમાં, મોટી મોજ મનાવે
માંસ રૂધિર મજ્જા ને મેદમાં, કેમ વૃથા લલચાવે—મનવા૦ ૪
કર સત સંગત સદ્‌ગુરૂ સેવા, પરમ પદારથ પાવે
દીનાનાથ તો ગુરૂ પ્રતાપે, રામ નામ નિત ગાવે—મનવા૦ ૧

(૪૦)

પ્રભુની માયા પ્રભુના ભજનથી તરી જવાય છે.

(રાગ ધનાશ્રી.)

માયા મય લીલારે પ્રભુની માયા મય લીલા
શું કરીએ માયાના મોટા, જબરા છે કિલ્લા—રે પ્રભુની૦ ૧
તીક્ષ્ણ ધારના મોટા મોટા, વિષય રૂપ ખીલા—રે પ્રભુની૦ ૨
સ્ત્રી સુતગૃહ ધન તન તૃષ્ણાઓ, કરી નાંખે ઢીલા—રે પ્રભુની૦ ૩
માન પ્રતિષ્ઠા ઈર્ષ્યા તણી મહા, મજબૂત છે શીલા—રે પ્રભુની૦ ૪
દીનાનાથ ભજો કૃષ્ણ કનૈયા, રસીયા રંગીલા—રે પ્રભુની૦ ૫

(૪૧)

ભ્રમણામાં નહિ ભુલવા વિષે બોધ.

(રાગ-ધનાશ્રી.)

ભ્રમણામાં ક્યમ ભૂલે ભાઇ ભ્રમણામાં ક્યમ ભૂલે
આત્મસ્વરૂપને કેમ વિસાર્યું, પડયું ડા'પણ ક્યે ચૂલે—ભાઇ૦ ૧
મોજ મઝામાં મસ્તાનો થઇ, શું હીંડોળે ઝુલે—ભાઇ૦ ૨
ધન વિદ્યા કીર્તિ પામી શું, ફુલણજી થઇ ફુલે—ભાઇ૦ ૩
"દીનાનાથ" કહે ભૂંડી ભ્રમણા, ભટકાવે ભવમૂલે—ભાઇ૦ ૪

(૪૨)

શ્રી પરમાત્માનું સત્ય સ્વરૂપ.

(રાગ શ્યામ કલ્યાણ-દાદરો)

નિત્ય મુક્ત નિત્ય શુદ્ધ નિર્વિકલ્પ નિર્વિકાર
નિષ્કલીય નિર્મલ પ્રભુ, નિરંજન નિરાકાર—
અચલ અલખ અક્ષર અજ, આદિ અવિનાશી ગત
વાણી મનથો અતીત, નિત્ય આપ નિરાધાર—
પ્રકૃતિ નહિ પુરૂષ નહિ, બ્રહ્મા નહિ સૃષ્ટિ નહિ
શ્રુતિ નહિ સ્મૃતિ નહિ, એક આપ ઓંકાર—
નહિ જ્ઞાન કે અજ્ઞાન, તમ પ્રકાશ નહિ માન
પરમતત્વ જ્યોતિ જાન, દીનાનાથ નમસ્કાર—

(૪૩)

પ્રભુ સર્વ વ્યાપક છે માટે સર્વમાં પ્રભુને જોતાં શીખો.

(ગઝલનો ઢાળ.)

સદા સર્વત્ર વ્યાપક, તુંહિ તુંહિ છે શ્રી હરિ
"सर्व खल्विदं ब्रह्म" તત્ત્વ વાત એજ ખરી—સદા૦ ટેક
ઘટ ઘટમાં બીરાજે, અણું અણુંમાં તું ગાજે
નથી ભિન્નતા રે કાંઈ, તું ઉદક ને હું છું લહરી—સદા૦ ૧
ઘટ ને મૃત્તિકામાં, નથી જુદાઇ જરી
અલંકારો ને કંચન, તેમ વિશ્વ ને તું હરિ—સદા૦ ૨
ત્રિગુણાતીત રૂપે, સચ્ચિદાનંદ પ્રભુ
દીનાનાથ જોઉં બધે દ્રષ્ટિ કરી હરિ હરિ—સદા૦ ૩

---

(૪૪)

સંતોની સેવા અને પ્રભુના ભજન વિના આપણું કલ્યાણ થશે નહિ.

("જુનું થયું રે દેવલ જુનું તો થયું." એ લય.)

જૂઠી જગમાયા ભાઈ જૂઠી છે માયા
કાચી કાયા છે ભાઇ કાચી છે કાયા—ટેક

ખેલ છે સર્વે ખોટો, પાણીનો જેમ પરપોટો;
તેને સાચો માની, મહા મોહમાં ફસાયા—જુઠી૦ ૧
માત તાત ભ્રાતદારા, સ્વારથ સગપણ કરનારા;
તેને કહી મારાં મારાં, લાલચ માંહી લોભાયા—જૂઠી૦ ૨
ઇચ્છા હોય જો સુખ લેવા, તો કરો સંતની સેવા;
"કહે "દીનાનાથ" ધન્ય. જેણે હરિ ગુણ ગાયા—જૂઠી૦ ૩

(૪૫)

રામ નામનો મહિમા.

('ઉઠ પ્રભાત સમર લે શ્રી ગણેશ દેવા' એ લય.)

સર્વ શ્રેષ્ઠ સીતાનાથ, રામ રામ નામ હૈ
નિર્વિકલ્પ નિર્વિકાર, નિર્ભય નિજ નામ હૈ–ટેક.
ઓર કોઉ નામ નહિ, જૈસો એક રામ હૈ
આદિ રામ અંતે રામ, રામ બિનુ નકામ હૈ–સર્વ૦ ૧
સકલ મંત્રમેંહીં મહા, મંત્ર રામ નામ હૈ
આવત જાવત ઉઠત બૈઠત, બૈઠત નહિ દામ હૈ–સર્વ૦ ૨
અકલ અતિ ગહનં ગતિ, રામ ગુણગ્રામ હૈ
ઘટ ઘટ બીચ રામ રામ, રામ સકલ ઠામ હૈ–સર્વ૦ ૩
પૂર્ણ સ્વરૂપ પૂર્ણ બ્રહ્મ, રામ પૂર્ણ ધામ હૈ
"દીનાનાથ" રઘુનાથ, રામ પૂર્ણ કામ હૈ–સર્વ૦ ૪

(૪૬)

ભજનનો બોધ.

(રાગ ખમાચ-દાદરો.)

ત્યાગ અનુરાગ રાખ પ્રભુ-પદે પ્રીતિ
રટને શ્રી હરિનામ કામ ક્રોધ જીતી—ટેક
કષ્ટો પડયા છે તને, કહે ભાઈ કીતિ
ખરે ખાત કહે વાત, જે જે તને વીતી—ત્યાગ૦ ૧
નથી માલ દ્રષ્ટે ભાળ, દેખીતી અનીતિ
ચેતી ચાલ ભાઈ રાખ, સુનીતિ સુરીતી—ત્યાગ૦ ૨
લાજ તજી ભક્તિ સજી, ગા ગોવિંદ ગીતિ
દીનાનાથ વિશ્વ તાત, ટાળશે ભવભીતિ—ત્યાગ૦ ૩

---

(૪૭)

ધનવાનોની સેવા કરો છો તેવી સેવા પ્રભુની કરો તો અવશ્ય કલ્યાણ થાય.

(રાગ ધનાશ્રી.)

કરો શ્રી હરિની સેવ, નિરંતર કરો શ્રી હરિની સેવ
ધનમદાંધ જનને શિદ સેવો, બળી તમારી ટેવ—નિરંતર૦
ફળની ભીક્ષા વૃક્ષો દે છે, નદી વહે નિત્યમેવ—નિરંતર૦

પૈસાવાળો પ્રસન્ન થઈને, ધન દઈ માગે સેવ—નિરંતર૦ ૩
નીજાનંદ અર્પે નારાયણ, જગજીવન જગદેવ—નિરંતર૦ ૪
સ્મરણ ભજન કરી હરી સેવો તો, મળે મધુરાં મેવ—નિરંતર૦ ૫
દીનાનાથ પ્રભુ અનન્ય ભજતાં, ભવ દુખ હરે તતખેવ–નિરંતર૦ ૬

(૪૮)

સર્વ માર્ગો કરતાં ભક્તિ માર્ગજ કલિયુગને માટે સર્વ શ્રેષ્ઠ છે.

(ભજન)

ભક્તિ માર્ગ બહુ સારો સમજો ભક્તિ માર્ગ બહુ સારો
વિચારો નરને નારો સમજો ભક્તિ માર્ગ બહુ સારો—
સૌથી સીધો માર્ગ એક એ, ભવનું દુઃખ હરનારો—૧
ભવ તરવાના ઘણા માર્ગ છે, પણ આ સુખ દેનારો—૨
ઉંધા અવળા વાંકા રસ્તા, શા માટે મન ધારો—૩
અતિ સુરસ અતિ સ્હેલો સુંદર, સર્વોત્તમ ઠરનારો—૪
શ્રેયસ્કર શુભ માર્ગ ભજનનો, કયમ લાગે નહિ પ્યારો—૫
દીનાનાથ કહે પ્રભુ ભજન વિણ, નથી અન્ય કોઇ આરો—૬

(૪૯)

નિર્મલ ભાવથી ભજન કરે તેજ મોટો મહાત્મા.

(ભજન)

જેને પ્રભુ ભજનનું મન, સાચાં તેજ હરિના જન
હરિ ભજનમાં હેત અતિ ને, ભગવન્નામ રટણ
ભક્તિ તત્વનાં કીર્ત્તન ભજનો, સુખથી કરે શ્રવણ—જેને૦ ૧
ભલે હોય પંડિત કે મોટા, ભારે વિદ્વજ્જન
પ્રેમ-ભક્તિ વિણુ સમૂલ ફિક્કા, લાગે ભક્તને મન—જેને૦ ૨
ધન્ય ધન્ય છે તે નર જેમાં, ભક્તિ-પ્રેમનો રંગ
હરિદાસોના દાસ થવામાં, પરમાનંદ ઉમંગ—જેને૦ ૩
દીનાનાથ સત્સંગ કરીને, મનના મેલ મટાવો
ભજન કરો ભવસાગર તરવા, જય જય ઘોષ ગજાવો—જેને૦ ૪

(૫૦)

ભવ પાર થવામાં મુખ્ય ભજનનોજ આધાર છે.

(રાગ ધનાશ્રી)

નથી અન્ય આધાર, ભજન વિણુ નથી અન્ય આધાર
નહિ ખપ લાગે સ્રી સુત મિત્ર કે, દ્રવ્ય તણા ભંડાર—ભ૦ ૧
સત્ય સ્હેજ પણ કાંઇ નથી અંહી, જૂઠો સૌ સંસાર—ભ૦ ૨

શુક સનકાદિક સંત મળીને, કીધો નક્કી વિચાર—ભ૦ ૩
શ્રુતિ સ્મૃતિ પુરાણ મથીને, કાઢયું આ ઘૃત સાર—ભ૦ ૪
દીનાનાથ કહે ભજન વિના નહિ, ઉઘડે મુક્તિ દ્વાર—ભ૦ ૫

(૫૧)

જગતમાં પરમાત્માના સત્ય ભકતો—સંતોજ આપણું પરમ કલ્યાણ કરનારા છે.

(રાગ—ભીમપલાસ. તાલ ત્રિતાલ)

જગમાં સંત પરમ હિતકારી
પ્રભુપદમાં પ્રીતિ પ્રગટાવી, ભ્રાંતિ ભાગે ભારી—જગમાં૦ ૧
પ્રાણી માત્ર પર પરમ કૃપા કરી, શિવ સમ સો દુખહારી
—જગમાં૦ ૨
દીનાનાથ કહે સંત સંગથી, પ્રગટ મળે ત્રિપુરારી—જગમાં૦ ૩

(૫૨)

ઉપદેશ.

(રાગ—કાલીંગડો. તાલ-ત્રિતાલ.)

તું ભજન પ્રભુનું કરરે
તું કેમ થયો નિડરરે—તું૦ ટેક
સંગે નાવે સ્વજન સુત કે, નાવે જોરૂ જરરે—તું૦ ૧
કયાં સુધી તું ઉંઘ્યા કરશે, કંઇ તો રાખ ફીકરરે—તું૦ ૨

ટાંપી રહ્યો છે કાળ શીર પર, ચેત ચેત ઓ નરરે—તું૦ ૩
વિકટ પંથ પરલોક તણો, ભાથુ ભક્તિનું ભરરે—તું૦ ૪
આવો અવસર મળશે નહિ ફરી, રાખીશ નહિ કસરરે—તું૦ ૫
સંત સંગ કરી સ્મરણ ધ્યાન ધરી; પ્રભુ શરણુમાં ઠરરે—તું૦ ૬
દીનાનાથ ભજી નિર્મલ ભાવે, ભવસાગરને તરરે—તું૦ ૭

(૫૩)

જગતના જનોની પ્રીતિ કેવળ સ્વાર્થી મિથ્યા છે.

(ભજન.)

જગના જનની જૂઠી પ્રીતિ, મતલબનો વ્યવહાર
પોત પોતાની ગરજ તપાસે, મતલબ માટે આવે પાસે.
હસી હસાવી ખુંચી ખાશે, ગરજ સરી કે નાશી જાશે;
એવો સ્વારથી સંસાર—જગના૦ ૧
પરમાત્માની વિચિત્ર માયા, કોની જનની કોની જાયા,
ખરી ઠગારી છે નિજ કાયા, જબરા બંધનમાં બંધાયા;
(હવે) કેમ થશું ભવપાર—જગના૦ ૨
પ્રભુ ભજનમાં રાખો પ્રીતિ, સંત સંગના રંગની રીતિ,
કરવી નહિ કદાપી અનીતિ, નક્કી ટળશે ભવની ભીતિ;
કહે "દીનાનાથ" એ સાર—જગના૦ ૩

(૫૪)

નિર્ધનનું ધન રામ

(ભજન)

અમારૂં નિર્ધનનું ધન રામ, અમારૂં નિર્ધનનું ધન રામ
અમારૂં નિર્બળનું બળ રામ, અમારૂં નિર્બળનું બળ રામ
—ટેક

રામ ગરીબનો બેલી મોટો, નાથ અનાથનો રામ;
નિરાધાર આધાર રામ છે, રામ રહ્યો સહુ ઠામ—અમારૂં૦ ૧

સકલ જગતનું મૂળ રામ છે, રામ ધર્મનું ધામ;
કર્મ તણો જે મહા મર્મ તે, રામ રામ ને રામ—અમારૂં૦ ૨

બગડી બાજી રામ સુધારે, રામ એજ સત કામ;
અંતે સંગે જતાં ન દીઠાં, તન ધન ધરણી ધામ—અમારૂં૦ ૩

શિવ સનકાદિક નારદ શારદ, રટે રામનું નામ;
કયો કૃતઘ્ની કુકર્મગામી, વિસરે રઘુપતિ રામ—અમારૂં૦ ૪

સમજો ચાર અરાઢ છએનો, અર્થ એક છે રામ;
"દીનાનાથ" કહે પ્રેમભાવથી, બોલો જય જય રામ—અમારૂં૦ ૫

(૫૫)

શ્રી ઇષ્ટ પ્રતિ સાધકની પ્રાર્થના.

(નામ જપીશ નિત તારૂં." એ રાહ.)

જય અખિલ વિશ્વના સ્વામિ, પ્રભુ અંતર્યામી અંતર્યામી
ઘટ ઘટમાં વ્યાપ્યા નામી, પ્રભુ૦—
આપ વિણુ પ્રભુ પરમ દયાળુ, છેજ નહિ તો કયાંથી ભાળું,
તિમિર તેજ આ કાળું કાળું, ટાળ્યું પ્રભુ આપી અજવાળું,
આગમ નિગમાગામી, પ્રભુ૦—૧
શુદ્ધ સત્વગુણ રૂપ તમારૂં, મુજને એ લાગ્યું અતિ પ્યારૂં,
ઘટ પટ સકટ દ્રશ્ય જગ સારૂ, સમજ્યો તુજથી કશું ન ન્યારૂં,
જ્ઞાન-દીપને પામી, પ્રભુ૦—૨
નાશ થયું શત્રુનું ટોળું, હવે નથી કાંઈ સ્હેજે પોલું,
પ્રભુ પ્રભુ વિણુ અન્ય ન બોલું, પરમાનંદે પ્રેમે ડોલું,
"**દીનાનાથ**" સુખ ધામી, પ્રભુ૦—૩

(૫૧)

જે વખત ગયો તે ગયો પણ હવે તો પ્રભુનું ભજન કરો !!!

(ઝીંઝોટી)

વારંવાર સમજાવી સાર કહું, માનો માનો હરિરસ ચાખો
સુખ દુઃખ જે વીત્યાં તે વીત્યાં, ભૂતકાળને પાછળ નાંખો—૧
ભ્રમે ભટકતાં શીર પટકતાં, જતાં દીઠાં નરનારી લાખો—૨
દીનાનાથ કહે વિચાર પાકો, ગઇ તે ગઇ હવે રહીને રાખો—૩

---

(૫૧)

સગુણ ભજનનો બોધ.

(લાવણી)

પરમ પવિત્ર સગુણ ચરિત્ર, શ્રી હરિનાં વર્ણન કરવાં;
આનંદ કંદ સંતો સાધુને, સદ્ભાવે સેવન કરવાં—૧
સંતની સંગે અંતર રંગે, પ્રભુ નામ મુખથી બોલો;
હરિના સન્મુખ હરિ ભજનમાં, પ્રેમાનંદ વિષે ડોલો—૨
ભક્તિ જ્ઞાનની મિઠડી વાતો, ભક્ત મુખથી શ્રવણ કરો;
પ્રેમ ધરી સત્સંગ કરીને, ભવ સાગરને શીઘ્ર તરો.—૩
પ્રેમ પ્રવાહે અંતર માંહે, મૂર્તિ ઠસાવો શ્રીવરની;
હરિ ભજન-મર્યાદા એવી. સાચા સદ્ગુરૂના ઘરની.—૪
સ્મરણ ભજન પૂજન ને દર્શન, કરો ધરો ધરણીધર ધ્યાન;
દીનાનાથ કહે તો તો નક્કી, મુક્તિ લાભ મળે નિર્વાણ.—૫

(૫૮)

દ્રશ્ય જે દેખાય છે તે મિથ્યા છે, સત્ય તો કેવળ પ્રભુનું ભજન છે.

યહ દ્રશ્ય સભી હૈ સપના, સબ કહતે અપના અપના
ધન સંપત સુત માતુ પિતુ પતિ, મતલબ માયા રચના
છિનુમેં ઉપજત છિનુમેં છૂટત, બડી વિલક્ષણ ઘટના—સબ૦ ૧
તત્વ તત્વમેં મીલીજાત હૈં, કીસકો કહતે અપના
દીનાનાથ અપના નહિ કોઉ, શિવ શિવ સુમીરન જપના
—સબ૦ ૨

---

(૫૯)

કુસંગતનું પરિણામ આવું થાય છે.

(લાવણી)

ભક્તિ ગમે નહિ ભાવ ગમે નહિ, પુણ્યદાન પૂજા ન ગમે
પેટ શેઠીયાના એ વેઠીયા, પેટ માટ બધું દુઃખ ખમે—ભક્તિ
એવાને એવાજ વખાણે, પ્રભુ ભજન કરતાં કમકમે
કાળું ધોળું કરતાં અંતે, દુઃખની ચાબુકો ચમચમે—ભક્તિ
નહિ દીનતા અતિ હીનતા, દીનજનોનાં જીવ દમે
સાહેબની સેવામાં હાજર, સંત ભક્તને નહિ નમે—ભક્તિ
સંધ્યા પૂજા પાઠ ભજન શાં, નિંદા કરે કે રમત રમે
અતિથીને અડસેલો મારે, દ્વાર બંધ કરીનેજ જમે—ભક્તિ
હાય હાય ને મારૂં મારૂં, જયારે મરે ત્યારેજ શમે
"દીનાનાથ" કહે એવા પામર, જન્મ મરણમાં સદા ભમે—ભક્તિ

(૬૦)

મોક્ષનું સુખ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન સત્સંગ છે.

(સોરઠ તાલ-તેવરો.)

મતિ-મલ હરણુ ભવભય તરણુ સંતનું શરણુ સુખકાર છે
નર-તન તણું સાધન દીધું એ પ્રભુ તણો ઉપકાર છે—મતિ૦
સમજી વિચારી ચાલજો જીવન તણા દિન ચાર છે
જે ક્ષણુ ગુમાવે ફરી ન આવે વાત એ નિરધાર છે—મતિ૦
વિષયો વિચારી ભજો હરિ સંસાર દુઃખ અપાર છે
પ્રપંચ પાપો દંભ કાપો શાં સગાં સુત નાર છે—મતિ૦
ગૃહ નાર ને ભંડારનો જે ગર્વ કરે તે ગમાર છે
સંતનું શરણુ ભવ તરણુ **દીનાનાથ**નો એ વિચાર છે—મતિ૦

(૬૧)

ભજન.

જૂઠાં સૌ ધન અને ધામ છે વિચાર જીવ,
સાચામાં સાચું રામ નામ છે
મારૂં મારૂં કરી મેળવ્યું તેં બહુ,
પડયું રે'વાનું જ્યાંનું ત્યાં તે સહુ,
ખેલો તો ખોટા તમામ છે,
વિચારજીવ સાચામાં સાચું રામ નામ છે-૧

જૂઠી છે કાયા ને જૂઠી છે માયા,
તેનીપુંઠે શું જોઈને ધાયા,
માનો સૌ મિથ્યા દમામ છે,
વિચાર જીવ સાચામાં સાચું રામ નામ છે-૨
સગું કે વા'લું સાથ નહિ આવશે,
ત્યારે દીનાનાથ કેમ કરી ફાવશે
પ્રભુ ભજ્યાનું રૂડું કામ છે,
વિચાર જીવ સાચામાં સાચું રામ નામ છે-૩

(૬૨)

સાચો સાર.

(કવાલીનો ઢાળ.)

"હજારો ગ્રંથનો કહું સાર, ભજોને ભાવે જગદાધાર"
"હજારો વાતની એક વાત, મુખથી રામ રટો દિન રાત"
"હજારો બોધનો એક બોધ, કરો નિત રામ નામની નોંધ"
"હજારો મંત્રનો એક મંત્ર, કરવો રામ મંત્રનો તંત્ર"
"હજારો ઉપાયનો ઉપાય, નામથી સર્વે સિદ્ધિ થાય"
"હજારો ઠાઠનો એક ઠાઠ, ભજવો રામ નામનો પાઠ"
"હજારો દીનાનાથના નાથ, સુરવરવંદિત શ્રી જગનાથ"

(૬૩)

મનન કરવા યોગ્ય સદુપદેશ.

(ભજન.)

કહું છું સાચે સાચી વાણી, જગને જૂઠું જાણી પ્રાણી,
સર્વેશ્વર સારંગપાણી, સમર હરિનેજી.
રખે ગુમાવે આવી પાળી, ગઈ તે ગઈ હવે રહી સંભાળી,
જાગ્યા ત્યાંથી સવાર જાણી સમર હરિનેજી—
"પૈસો પૈસો બોલતો, પૈસો પ્રભુ માબાપ"
"પણ યમદરબારે જતાં, થાશે બહુ સંતાપ"
ધન પુંઠે શું ધાયો દોડી, પાસ હોય તો દે કરજોડી,
સાથે નાવે કોડી રે, સમર હરિનેજી—૧
"કુંભ સમાણી દોદરી, કાચી છે કાયા"
"તેમાં શું રાચી રહ્યા, ખોટી છે માયા"
તોપણ મન માયામાં રાજી, ખોટી મમતા રાખે ઝાઝી,
મનડું મારૂં જાએ દાઝી, સમર હરિનેજી—૨
"ગર્ભવાસ રક્ષા કરી, સુંદર દેહ દીધી"
"ખાવા પીવા પે'રવા, તજવીજ સૌ કીધી"
કેવું કલેજું તારૂં કારી, તે શ્રી હરિને દીધા વિસારી,
બુદ્ધિ બગડી તારીરે, સમર હરિનેજી—૩
"પર સ્રી માત સમાનને, પરધન પથ્થર રે"
"સમભાવે સૌને જુએ, સજ્જન લક્ષણ એ"

પણ તું ખાસો દીસે અનાડી, તાકે પરધનને પર લાડી,
દશા શી થાશે અગાડીરે, સમર હરિનેજી—૪
"લોક વિષે મોટો થવા, દેવું શિર કરતો"
"પુણ્યદાન કોરે રહ્યાં, ને પાપે નહિ ડરતો"
વડો થવા નહિ કાઢીશ કરજે, સમજી વિચારી કારજ કરજે,
પાપ કૃત્ય કરતાં તું ડરજે, સમર હરિનેજી—૫
"ચિત્ત શું ચકડોળે ચઢયું, હ'પણુ શું ચૂલે"
"હું હું મારૂં માણુતો, મદમાં શું ડુલે"
લોકલાજ પા'ણો ધરી કંઠે, કેમ અલ્યા તું આવો વંઠે,
નહિ થાયે કોઇ સંગી અંતે, સમર હરિનેજી—૬
"સુત સુતા પરણાવીયા, ને જમણુ સરસ કીધાં"
"વાજાંઓ વગડાવીયાં, ને લ્હાવા બહુ લીધાં"
(પણ) શું કીધું સંસાર તરણુનું, મોટું દુઃખ છે જન્મ મરણુનું,
શરણુ ગ્રહીલે ગિરિધરણુનું, સમર હરિનેજી—૭
"ચેત ચેતરે પ્રાણીયા, જરી તો જાગ્રત થા"
"મોહ રૂપી નિદ્રા તજી, ગોવિંદના ગુણુ ગા"
જો મારૂં કે'વું તું માને, કથા પ્રભુની સાંભળ કાને,
મુખ થકી શ્રી હરિ ગુણુ ગાને, સમર હરિનેજી—૮
"નહિ ચેતે તો યમ તણો, માર પડે ખાવો"
"પછી પસ્તાશે માનવી, અવસર મળે નાવો"
"દીનાનાથ કહે ફંદી ફેલી, તત્પર થઇ જા આળસ મેલી,
પ્રભુ વિણુ કોઈ નથી બેલીરે. સમર હરિનેજી—૯

(૧૪)

જે રામનું ભજન કરે છે તે નિર્ભયપણે સંસાર તરી જાય છે.

(રાગ—ધનાશ્રી)

રામ ભજન તલવાર, પાયા રામ ભજન તલવાર
સદ્‌ગુરૂસેં મય વોહિ કમાયા, કાટત પાર અપાર—પાયા૦ ૧
કામ ક્રોધ મદ નાહિ ઠેરત, દેખત ઉનકી ધાર—પાયા૦ ૨
લોભ લલુતા ક્યોં કરિ રે'વે, સહન હોત નહિ માર—પાયા૦ ૩
ઇર્ષ્યા અસૂયા થરથર ધ્રૂજત, ડર લાગત અનિવાર—પાયા૦ ૪
જ્ઞાન રૂપ ચમકાટસેં કાટત, અજ્ઞતાકો અંધાર—પાયા૦ ૫
દીનાનાથ પ્રભુ રામ ભજનસેં, હોઉંગા ભવપાર—પાયા૦ ૫

(૧૫)

સંસારનાં ખોટાં કામકાજથી કંટાળીને પ્રભુનું ભજન કરવાનો બોધ.

(રાગ ધનાશ્રી)

કેમ નહિ કંટાળો, જગમાં કેમ નહિ કંટાળો
કાળાં કપટી જૂઠાં કૃત્યો, ભેદ પ્રપંચનો ચાળો-જગમાં૦ ૧
પ્રતિદિન એકનું એકજ કરવું, એની એ જંજાળો-જગમાં૦ ૨
સર્વ ઇંદ્રિયો ને તન મનને, જંપ જરી નહિ ભાળો-જગમાં૦ ૩

માત તાત સુત ભ્રાતાદિનો, મળ્યો સાથ સહુ ઠાલો—જગમાં૦ ૪
સંતો કહે સંસારથી ચેતો, જોઇ જોઈ ઘાંટાળો—જગમાં૦ ૫
દીનાનાથ ભજો રાધાવરને, મધુરી મુરલીવાળો—જગમાં૦ ૬

(૬૬)

જીવાત્માને ચેતવણી.

(લાવણી.)

ભાવ ધરીને ભૂધર ભજતાં, આનંદમય વૃત્તિ જાગે
વનમાલી શ્રી વિઠ્ઠલવરની, ભક્તિથી ભવ ભય ભાગે—ભાવ૦
નરહરિ પ્રભુનું ભજન કરો ભાઈ, લેશ માત્ર ભુલ ખાશો નહિ
ગયો વખત કદી મળે નહિ ફરી, આળસમાં અફળાશો નહિ
—ભાવ૦
રહો સર્વદા ધર્મ સાચવી, હરિ ચરણમાં ચિત્ત ચહો
નામ પ્રભુનું નિશદિન જપતાં, રામ કૃષ્ણ ગોવિંદ કહે—ભાવ૦
મહા મોહિની માયાની મહા, જાળ વિષે જકડાશો નહિ
હાથે કરીને હાથ ધરીને, બંધનમાં બંધાશો નહિ—ભાવ૦
રાત જશે કે દિવસ થશે, ને દિવસ જશે કે રાત થશે
જાય વખત સઉ એમ નકામો, છેવટ પોતે તું એ જશો—ભાવ૦
ધામ ધરા ધન મેલી જવું છે, ભજન વિના ભૂલા પડશો
દીનાનાથ કહે ચેતો ચેતો, નહિ તો પોક મુકી રડશો—ભાવ૦

શ્રી મંગલ આરતી.

જયદેવ, જયદેવ, જય જય શ્રી જગદીશ જય જય શ્રી જગદીશ
શરણાગતને તારો, માગું નામી શીષ—જયદેવ જયદેવ ટેક
પરબ્રહ્મ પરમેશ્વર, ઘટ ઘટમાં તું એક
ઉપાધિ યોગે જુજવાં, નામ ને રૂપ અનેક—જયદેવ ૧
ઈન્દ્રજાલ આ મોટી, માયા રૂપ રચી
ઘણો ઘણો ગુંચવાયો, મંડ્યો રહ્યો મચી—જયદેવ ૨
આધિ વ્યાધિ ઉપાધિ, આવે બહુ મારે
પીડા પામું પ્રતિદિન, પાપ તણા ભારે—જયદેવ ૩
જે માગું તો એજ, સત્પુરૂષોનો સંગ
ભક્તિ જ્ઞાનની ચર્ચા, નો બહુ લાગ્યો રંગ—જયદેવ ૪
મહા મોહનો માર, માધવ શીદ મારો
કર જોડી યાચું છું, કહી દો "તું મારો"—જયદેવ ૫
વિવિધ વાસના ટાળો, ખાળો વિષયનો વેગ
ક્રોધ લોભ મદ બાળો, ને મનનો ઉદ્વેગ—જયદેવ ૬
જય ગુણ જ્યોત પ્રકાશ, જ્ઞાન દાન આપો
બ્રહ્મ ભાવની છાપ, દૃઢ રીતે છાપો—જયદેવ ૭
હિત અહિતની વાત, જાણું નહિ જગનાથ
ભવાબ્ધિ પાર ઉતારો, 'દીનાનાથ'ના નાથ—જયદેવ ૮

સનાતનધર્મીઓને ખુશ ખબર.

આપણા સુરત શહેરમાં ઘણા વર્ષોથી સનાતન ધર્મના ભક્તિ તથા ભજન માર્ગના ઉપદેશની ખોટ હતી, પરંતુ પરમાત્માની કૃપાથી અને બાલાજીના અતિ શ્રમ બાદ સાધુમાર્ગીય ઉપદેશ કરનાર અનેના સુપ્રસિદ્ધ "કીર્તનભૂષણ" બુવા મહારાજ શ્રી હિતમાધુરીકરના શુભ પ્રયાસે મહિનામાં બે એકાદશીને દિવસે નિઃસ્વાર્થપણે હૃદયના પ્રેમથી સનાતન ધર્મનો ઉપદેશ શ્રવણ કરાવવા એક "સનાતન ધર્મોપદેશ ભજન મંડળ" સ્થાપવાથી તે ખોટ રહેવા સંભવ નથી.

બીજા ધર્મમાં આઠ આઠ દિવસે પગારદાર ઉપદેશકો રાખી ઉપદેશ કરાવાય છે, પરંતુ સનાતનીઓના સદ્ભાગ્યે એઓશ્રી તો નિઃસ્વાર્થપણે અને અંતઃકરણના પૂર્ણ ભાવથી શ્રમ ઉઠાવી ઉપદેશ આપવાના છે. જે માટે દરેકને આનંદ સાથે અભિમાન કરવા જેવું છે કે, આપણા શહેરના સમર્થ વિદ્વાન હરિદાસ મહારાજે શુદ્ધ કૃપાથી સંપાદન કરેલા પોતાના જ્ઞાનનો અમૂલ્ય લાભ જન સમાજને આપવા અત્યંત ઉદારતા બતાવી છે.

આ મંડળમાં સભાસદ થનારે માસિક લવાજમ ફક્ત ચાર આના આપવાનું છે. જેમાંથી ઉપદેશક પોતે કાંઇ પણ સ્વીકારવાના નથી. માત્ર મંડળને લગતાજ કાર્ય પાછળ તેનાથી ખર્ચ કરવાનો છે. માટે દરેક સનાતની ભાઈઓ તથા બેનો આ મંડળમાં પોતાનો પરમાર્થ લાભ સમજી સભાસદ થવા વિલંબ કરશો નહિ. લી૦

શ્રી સનાતન ધર્મોપદેશ ભજન મંડળના સેવકો.